Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨૩ ● સળંગ અંક : ૧૦૬૧ ● પ્રકાશિત તા-૯-૪-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## વિજય રૂપાણી, જીતુ વાઘાણીથી લઈને સીઆર પાટીલના નામો સરપ્રાઈઝ જ હતા, ત્યારે

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ પદે વધુ એક સરપ્રાઈઝ માટે તૈયાર રહો...

અમદાવાદ : દેશભરમાં ગુજરાત ભાજપના સંગઠન માળખાની કામગીરીનું ઉદાહરણ આપવામાં આવે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી સંગઠનમાં જૂથવાદ પ્રસરી જવાના કારણે સ્થિતિ બગડી જવા પામી છે. નવા પ્રમુખ નિયુક્તી પ્રક્રિયામાં જે રીતે ડખો થયો તેનાથી સમગ્ર દેશભરમાં ગુજરાત ભાજપની આબરૂંનું ધોવાણ થઈ ગયું છે.

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષના નામ મુદ્દે હાલ રાજકારણ ગરમાયેલુ જોવા મળી રહ્યુ છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે સી. આર. પાટીલ સતત બદલાવનો સંકેત આપી રહ્યા છે ત્યારે હવે કોણ? એ સવાલ ચર્ચાઈ રહ્યો છે. જોકે આ સવાલનો જવાબ કોઈ પાસેથી મળી શકે તેમ નથી કારણ કે ગુજરાતના રાજકારણની વાત કરીએ તો ગુજરાતમાં ભાજપ હાઈકમાન્ડ હંમેશા સરપ્રાઈઝ આપતા રહ્યા છે અને આ વખતે પ્રદેશ ભાજપ અધ્યક્ષના સંદર્ભમાં પણ વધુ એક વખત સરપ્રાઈઝ જ આપવામાં આવશે તેવું લાગી રહ્યુ છે.

ભાજપ સરપ્રાઈઝ આપી શકે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. હાલ જે નામો ચાલી રહ્યા છે. તે પૈકીના નામોને સાઈડમાં મૂકી પક્ષ દ્વારા કોઈ અણધાર્યુ નામ જાહેર કરાય તેવી શક્યતા પણ ભારોભાર રહેલી છે. કાર્યકરોમાં જબ્બર ઉત્તેજના વ્યાપી જવા પામી છે.

ગુજરાતના રાજકારણની વાત કરીએ તો ભાજપ ગુજરાતમાં વર્ષ ૧૯૯૫થી સત્તામાં છે. આટલા વર્ષોથી એકહથ્થુ શાસન જાળવી રાખનાર ભાજપ માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહની ચાણક્ય નિતીએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

ગુજરાતના રાજકારણમાં આ બંને નેતાઓએ એક પ્રયોગશાળાની માફક અનેક પ્રયોગો કર્યા અને પ્રત્યેક વખતે આ જુગલ જોડી તેમના પ્રયોગોમાં સફળ પણ થાય છે તે સાબિત થઈ ચુક્યુ છે. ગુજરાતમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષની નિમણુક હોય કે મુખ્યમંત્રીની પસંદગી, દરેક વખતે આ જુગલ જોડીની પસંદગીમાં સરપ્રાઈઝ જ મળી છે. એટલે કે ક્યારેય કોઈએ વિચાર્યુ પણ ન હોય તેવું એક નામ દરેક વખતે સામે આવે છે. ગુજરાતમાં નવા નામોની મહત્વના પદો પર નિમણુકના પ્રયોગ ઉપરાંત સમૂળગી આખેઆખી સરકાર બદલાવી નાખવા સહિતના પ્રયોગો આ જુગલ જોડીએ ગુજરાતમાં કર્યા અને તેમાં સફળ પણ થયા. જયારે પણ લોકસભા, રાજયસભા માટેના ઉમેદવારોની પસંદગીની વાત હોય કે પછી પ્રદેશ અધ્યક્ષની પસંદગીની વાત હોય, દરેક વખતે એક સરપ્રાઈઝ લાગે તેવું નામ જાહેર થાય છે. આવા જ કેટલાક સરપ્રાઈઝ પર નજર કરીએ તો,

ગુજરાતના રાજકારણમાં કેન્દ્રીય નેતાગીરીએ આપેલા સરપ્રાઈઝ

૧. વર્ષ ૧૯૯૫થી ભાજપ ગુજરાતમાં શાસનમાં છે. વર્ષ ૨૦૦૧થી મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી આવ્યા અને તેઓ વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા. તેમના બાદ મે, ૨૦૧૪માં આનંદીબેન પટેલની મુખ્યમંત્રી તરીકે નિમણુક કરાઈ.

૨. પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે વિજય રુપાણીના નામની જાહેરાત પણ એક સરપ્રાઈઝ જ હતી. ત્યારબાદ પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે જીતુ વાઘાણીનું નામ પણ સૌને નવાઈ પમાડી ગયુ હતુ.

૩. વર્ષ ૨૦૧૬માં આનંદીબેન પટેલે પાટીદાર અનામત આંદોલનના પગલે રાજીનામુ આપ્યા બાદ ઓગસ્ટ ૨૦૧૬માં વિજય રુપાણીની મુખ્યમંત્રી પદે વરણી કરાઈ.

૪. કોરોનાકાળમાં સરકારની નિષ્ફળતા છતી થયા બાદ વિજય રુપાણીને મુખ્યમંત્રી પદેથી બદલીને તેમના સ્થાને વર્ષ ૨૦૨૧માં ભુપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી પદે બેસાડાયા. આ નામ પણ સૌના માટે અશ્ચર્ય પમાડે તેવું હતુ. કેમકે ભુપેન્દ્ર પટેલને જયારે મુખ્યમંત્રી ઘોષિત કરાયા ત્યારે તેઓ પ્રથમ વખત જ ધારાસભ્ય પદે ચૂંટાયેલા હતા અને પ્રથમ ટર્મમાં જ તેમને મુખ્યમંત્રી પદની ભેટ મળી.

૫. આ બદલાવ કરાયો ત્યારે સૌથી મોટો ઐતિહાસિક ફેરફાર ભાજપે એ કર્યો કે મુખ્યમંત્રી વિજય રુપાણી સાથે તેમની સમગ્ર સરકાર એટલે કે સમગ્ર કેબિનેટને બદલી નાખી. આ ફેરફાર દેશના રાજકારણમાં એક નવો અને ઐતિહાસિક ફેરફાર હતો.

૬. ગુજરાતને રાજકીય પ્રયોગોની પ્રયોગશાળા એટલા માટે કહી શકાય કારણકે, ન માત્ર પ્રદેશ અધ્યક્ષ અને મુખ્યમંત્રી પણ લોકસભા અને રાજયસભાના ઉમેદવારોના નામોની જાહેરાતમાં પણ ભાજપે હંમેશા સરપ્રાઈઝ જ આપ્યા. લોકસભાના ઉમેદવાર તરીકે જુગલજી ઠાકોરથી માંડીને વડોદરાના હિમાંશુ જોષીના નામની જાહેરાત હોય કે પછી રાજયસભાના ઉમેદવાર તરીકે કેન્દ્રીયમંત્રી એસ. જયશંકરના નામની જાહેરાત હોય. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાને ગુજરાત રાજયસભામાંથી લડાવવાનો નિર્ણય હોય કે પછી તેમની સાથે મયંક નાયક, ગોવિંદ ધોળકીયા અને જશવંત પરમારના નામની જાહેરાત હોય, દરેક વખતે દરેક નામ એક સરપ્રાઈઝ તરીકે જ સામે આવ્યા છે.

૭. જીતુ વાઘાણી પછી સી.આર. પાટીલને સંગઠનની કમાન સોંપવામાં આવી તે પણ એક સરપ્રાઈઝ જ હતી ને..! કોઈને પણ કલ્પના ન હતી એવું નામ આવી ગયું અને તેમના અનુગામી તરીકે પણ સરપ્રાઈઝ જ આવશે એવું સૌ કોઈ માની રહ્યા છે.

આ તમામ સરપ્રાઈઝ પર નજર કરીએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે ભાજપ હાઈકમાન્ડે પ્રત્યેક વખતે "નો રિપીટ થિયરી" હેઠળ પસંદગી કરી છે અને તેના પગલે પ્રત્યેક વખતે એક એવું નામ સામે આવ્યુ છે જેના વિશે ક્યારેય કોઈએ વિચાર્યુ પણ ન હોય. આ વખતે હવે જ્યારે વધુ એક વખત પ્રદેશ ભાજપ અધ્યક્ષની પસંદગીની વાત છે ત્યારે આ વખતે પણ મોદી-શાહની જોડી પ્રદેશ અધ્યક્ષ તરીકે એક સરપ્રાઈઝ જ આપશે તેવું ચોક્કસ લાગી રહ્યુ છે. કેમકે આટલા બધા સરપ્રાઈઝની હારમાળા જોયા બાદ હવે રાજકીય વિશ્લેષકો જ નહી પણ ખુદ ભાજપના દિગ્ગજ નેતાઓ પણ આવનારા અધ્યક્ષના નામની અટકળો લગાવતા અચકાઈ રહ્યા છે. કેમકે આ પ્રકારે ભૂતકાળમાં લગાવેલી અનેક અટકળોને મોદી-શાહની જોડીએ ખોટી પાડી છે. હંમેશા અટકળો અને અનુમાનો પર ચાલતા રાજકીય ક્ષેત્રમાં મોદી-શાહની જોડીએ પુર્વાનુમાનો પર જ પૂર્ણવિરામ મુકી દીધુ છે ત્યારે હવે પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે નવી સરપ્રાઈઝ પર સૌની નજર ઠરેલી છે.

હવે આપણા વિસ્તારમાં
Dr. RAVI'S Diabetes & Endocrinology Centre

ડૉ. રવિ શાહ
MD (Medicine) | DM (Endocrinology)
MRCP UK SCE (Endocrinology)
શૈક્ષણિક પ્રવાસ
+ MBBS: બી.જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
+ MD ( મેડિસિન ): NHL, મ્યુનિ. મેડિકલ કોલેજ, શેઠ વી.એસ. હોસ્પિટલ, અમદાવાદ
+ DM ( એન્ડોક્રિનોલોજી ): PGI, ચંદીગઢ, ભારતનું સર્વ શ્રેષ્ઠ ઇન્સ્ટિટ્યૂટ
+ MRCP (UK) SCE એન્ડોક્રિનોલોજીની ડિગ્રી ધરાવે છે
+ INI-SS ની પરિક્ષામાં સમગ્ર ભારતમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ
+ દેશના શ્રેષ્ઠ એન્ડોક્રિનોલોજી રેસિડેન્ટ માટેના ESI TYSA એવોર્ડમાં બીજો ક્રમ
+ ESICON અને ISBMR જેવા રાષ્ટ્રીય પરિષદમાં શ્રેષ્ઠ પેપર અને પોસ્ટર એવોર્ડ
વિશેષ સેવાઓ + SPECIALIZED SERVICES
+ ડાયાબિટીસની સર્વ શ્રેષ્ટ સંભાળ - ડાયાબિટીસ ફુટ, ઈન્સુલિન પંપ અને કન્ટીનુઅસ ગ્લુકોઝ મોનીટરીંગ સહીત
+ મોટાપાની સંભાળ
+ પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમની સંભાળ (PCOS)
+ થાઇરોઇડ અને પેરાથાઇરોઇડ ગ્રંથિના ડિસઓર્ડરની સંભાળ (Thyroid and Parathyroid Disorders)
+ ઓસ્ટીયોપોરોસિસ, રિકેટ્સ અને હાડકાના ડિસઓર્ડરની સંભાળ
+ બાળકોની એન્ડોક્રિનોલોજીની સંભાળ (ટૂંકું કદ અને તરુણાવસ્થાના ડિસઓર્ડરની સંભાળ)
+ પિટ્યુટરી અને એડ્રેનાલના ડિસઓર્ડરની સંભાળ
Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
301 સી - શિવાલિક સ્ક્વેર
અદાણી સીએનજી પંપ પાસે, 132 ફૂટ રિંગ રોડ, નવા વાડજ, અમદાવાદ.
શ્રેષ્ઠતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે એડવાન્સ એન્ડોક્રાઇન કેર માટે, આજે જ સંપર્ક કરો.
+91 97370 54800 rjshah26395@gmail.com
દરરોજ સવારે 9 થી 11 વાગ્યે (ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા) | દરરોજ સાંજે 5 થી 8

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### જુના વાડજ સર્કલથી લઈને અખબારનગર સર્કલ થઈને નિર્ણયનગર ગરનાળા સુધીમાં

# રોડ પર વેચાતા શેરડીના રસ અને બરફ ગોળા આરોગ્યપ્રદ ખરા ?

## અમદાવાદ મ્યુ કોર્પોરેશન દ્વારા આ પ્રકારના બરફ ગોલા, શેરડીના રસની દુકાન-લારીઓમાં સમયાંતરે તપાસ જરૂરી

અમદાવાદ : ઉનાળા શરૂઆત સાથે જ અચાનક જ આખા શહેરમાં બરફના ગોલા, શેરડી અને કેરીના રસનું વેચાણ કરનારાઓનો રાફડો ફાટયો છે. જેમાં મુક્તાનંદ ત્રણ રસ્તાથી કારેલીબાગ પાણીની ટાંકી તરફ જતાં રોડ પર સાંજે ૨૦ થી ૨૨ જેટલી બરફની લારીઓની લાઈન લાગે છે. લારીઓ અને દુકાનોમાં વેચાતો આ બરફ ગોળો ખરેખર ખાવાલાયક છે? તેમાં ક્યાં પ્રકારના ખાદ્ય કલરનો ઉપયોગ કરાય છે? કેટલી માત્રામાં કરાય છે? કલર કેટલો જૂનો છે? બરફ ક્યાં પાણીમાંથી બનાવાય છે? ક્યાં બનાવાય છે? તેની કોઈ તપાસ થતી ન હોવાની ફરિયાદો ઉઠી હતી. તેવી જ રીતે ઠેરઠેર કેરી અને શેરડીના રસનું વેચાણ પણ થઈ રહ્યું છે.

ઉનાળામાં અસહ્ય ગરમીના વાતાવરણની વચ્ચે પણ લોકો બહારનું ખાવાનું છોડતા નથી ગરમીના માહોલમાં જીભનો ટેસ્ટ જળવાઈ રહે તે માટે નગરજનો લારી રેકડીઓ ઉપર વેચાતા બિન આરોગ્ય પર ખાદ્ય પદાર્થો આરોગી રહ્યા છે ખાસ કરીને શહેરમાં ઠેર ઠેર પાણીપુરીની લારીઓ ઉપર સાંજ પડતા છે લોકોના ટોળા પાણીપુરી ખાવા ઉમટી પડે છે પરંતુ કાળજાળ ગરમીમાં પાણીપુરીમાં વપરાતા બટાકા અને ચણા ખાવા લાયક રહે છે કે કેમ તે અંગે કોઈ વિચારતું નથી મેં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પણ આ અંગે ચેકિંગ કરવામાં આવે તો ઘણો બિન આરોગ્ય પદ ખોરાક પકડાઈ શકે છે. બીજી તરફ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નવા વાડજ વિસ્તારમાં જુના વાડજ સર્કલથી લઈને અખબારનગર સર્કલથી લઈને નિર્ણયનગર ગરનાળા સુધીના મેઈન રોડ પર આ પ્રકારના નાના મોટા ૧૫૦ થી ૨૦૦ જેટલા નાના મોટા ખુમચા ટેન્ટ લગાવીને ઉભા રહે છે. આ તો એક જ વિસ્તારની વાત છે, અમદાવાદ શહેરમાં દરેક રોડ પર આ પરિસ્થિતિ જોવા મળી રહી છે.શહેરના રાજમાર્ગો પર અલગ અલગ સ્થળોએ શેરડીના સંચા અને ખુલ્લામાં તડબૂચ અને ફળફળાદી લઈને ખુમચા વાળા ઊભા રહે છે.

શેરડીના રસમાં ઉપયોગમાં લેવામાં આવતો બરફ ક્યાંથી આવે છે અને તે ખાવા લાયક છે કે કેમ તે અંગે પણ ચેકિંગ કરવું અવશ્યક છે તો અમુક સ્થળો ઉપર તો બરફવાળા પણ મેદાનમાં આવી ગયા છે ત્યારે કોર્પોરેશન અને ફુડ વિભાગે આ અંગે સર્ચ કરીને આ તમામ રેકડીઓ અને લારીઓ પર વેચાતી ચીજ વસ્તુઓ અને ખાદ્ય પદાર્થો ખાવા લાયક છે કે કેમ તે અંગે ચકાસણી કરવી જરૂરી છે શહેરમાં ખુલ્લેઆમ પાણીપુરી શેરડીના સંચા તથા બરફ ગોળા શરૂ થઈ ગયા છે ત્યારે આરોગ્યને લઈને જાગૃતિ આવશ્યક છે.

એવું મનાય છે કે શેરડીનો રસ એટલે કાળઝાળ ગરમીમાંથી રાહત આપતું પીણું. પરંતુ શેરડીનો રસ ખરેખર સ્વાસ્થ્ય માટે ફાયદારૂપ છે કે તેનાથી કોઈ નુકસાન પણ થઈ શકે?શેરડીમાં ખૂબ મોટી માત્રામાં શુગર હોય છે, તેથી ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ શેરડીનો રસ અને તેનાં જેવાં અન્ય પીણાંથી આરોગ્ય પર થતી આડઅસરને ટાંકીને તેનો વધુ પડતો વપરાશ નહીં કરવાની સલાહ આપી છે.

### ધારાસભ્ય જીતુભાઈ પટેલ (ભગત)ના પ્રયાસોથી

# નારણપુરા વિધાનસભા વિસ્તારમાં અનેક સોસાયટીઓમાં પરકોલેટીંગ વેલ બનાવવા કવાયત..!!



અમદાવાદ : શહેરમાં ભૂગર્ભ જળ ઊંડા ઉતરતા જાય છે. ભવિષ્યમાં પાણીની કોઈ સમસ્યા ઊભી ન થાય તે માટે વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટે પરકોટિંગ વેલ યોજના બનાવવામાં આવી છે.જે અંતર્ગત શહેરના વિવિધ વિવિધ વિસ્તારોમાં આવેલી ૩૯૫૭ સોસાયટીના સર્વેમાંથી ૪૬૭ સોસાયટી દ્વારા અરજી કરવામાં આવી છે.ત્યારે શહેરના નારણપુરા વિધાનસભા વિસ્તારમાં ૪૦ થી ૪૫ સોસાયટીઓમાં પરકોલેટીંગ વેલ બનાવવા કવાયત હાથ ધરાઈ છે. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા ભૂગર્ભજળને ઊંચા લાવવા માટે દરેક સોસાયટીઓ અને ફ્લેટમાં પરકોલેટીંગ વેલ બનાવવા માટે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીને અપીલ કરી હતી.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેરના વિવિધ વિવિધ વિસ્તારોમાં આવેલી ૩૯૫૭ સોસાયટીના સર્વેમાંથી ૪૬૭ સોસાયટી દ્વારા અરજી કરવામાં આવી છે. ૧૦ વેલનું કામ પૂર્ણ થયું છે જ્યારે ૧૪નું કામ ચાલુ છે. ૩૬૭ વેલનો અંદાજ મંજુર કરવામાં આવ્યો છે. જ્યારે ૨૫નો અંદાજ મંજૂરીમાં છે. ૧૪૮ સોસાયટીઓને ધારાસભ્ય, સાંસદ અને કોર્પોરેટરની ગ્રાન્ટ મળી છે. જેમાંથી પરકોલેટીંગ વેલ બનશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાની જ બિલ્ડિંગમાં ૧૨૦૦ વેલ અને ખંભાતી કુવા બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.જળ એજ જીવન છે તેને ધ્યાનમાં રાખીને વિવિધ સોસાયટીમાં પરકોલેટીંગ વેલ બનાવમાં આવે તેના માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા પણ સોસાયટીના સેક્રેટરી અને ચેરમેનને પત્રો લખવામાં આવ્યા છે.

નારણપુરા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે વિધાનસભા વિસ્તારમાં દરેક વોર્ડમાં પરકોલેટીંગ વેલ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે, જેમાં વોર્ડ દીઠ ૧૫ થી વધુ સોસાયટીઓમાં પરકોલેટીંગ વેલ બનાવવાનું કામ હાથ ધરાયું છે, આમ વિધાનસભામાં કુલ ૪૦થી ૫૦ સોસાયટીઓમાં પરકોલેટીંગ વેલ બનાવવાનું કામ ચાલું છે જયારે આગામી સમયમાં ૨૦૦થી વધુ સોસાયટીઓમાં પરકોલેટીંગ વેલ બનાવવાનો અંદાજ છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરે તે માટે આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને ખંભાતી કુવા અને પરકોલેટીંગ વેલને મહત્વ આપવામાં આવ્યું છે. સ્વર્ણિમ યોજના અંતર્ગત ૨૦ ટકા સાંસદ, ધારાસભ્યો અને કોર્પોરેટરની ગ્રાન્ટ તથા ૮૦ કોર્પોરેશનના બજેટને લઈને વેલ બનાવી આપવામાં આવશે. જેમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ જળને ઉંચા લાવવા માટે હાલમાં પરકોલેટીંગ વેલને મહત્વ આપવામાં આવી રહ્યું છે.

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

# અમદાવાદના હનુમાન કેમ્પ મંદિરથી ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળશે




અમદાવાદ : દર વર્ષે હનુમાન જયંતિના એક દિવસ પહેલા પહેલા અમદાવાદના હનુમાન કેમ્પ મંદિર દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવતું હોય છે. શાહીબાગ હનુમાન કેમ્પ મંદિરથી વાસણા ખાતે આવેલા વાયુ દેવતા મંદિર સુધી શોભાયાત્રા અને બીજા દિવસે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. જોકે, ચાલુ પડશે કેમ પણ હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા ખૂબ ઓછા વાહનો અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને બીજે વિના શોભાયાત્રા કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષે ફૂલની પાંખડીઓનો વરસાદ, બેનરો અને ટેબલો શોભાયાત્રામાં રાખવામાં આવે છે, પરંતુ ચાલુ વર્ષે માત્ર બાઈકો અને સુંદરકાંડ પાઠ તેમજ ભજન કરતી મંડળીઓ અને પ્રસાદ ટ્રક સાથે જોડાશે.

આગામી ૧૨ એપ્રિલના રોજ હનુમાન જયંતિને લઈ શાહીબાગ વિસ્તારમાં આવેલા હનુમાન કેમ્પ મંદિર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પણ શોભાયાત્રા અને હનુમાન જયંતિના કાર્યક્રમનું આયોજન કર્યું છે. ૧૧ એપ્રિલના રોજ સવારે ૭:૩૦ વાગ્યે શાહીબાગ હનુમાન કેમ્પ મંદિરથી ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળશે. આ હનુમાન યાત્રાનું પ્રસ્થાન હનુમાન મંદિર કેમ્પ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી અને એડવોકેટ ડૉ સુધીરભાઈ નાણાવટી અને ભારતીય સેનાના સમ્માન નીય ઓફિસર મેજર જનરલ ગૌરવ બગ્ગા હનુમાનજીના ધ્વજને ફરકાવીને રથનું પ્રસ્થાન કરાવશે.

આ યાત્રા શાહીબાગ અંડરબ્રિજ, દુધેશ્વર, માધુપુરા, ઈક્રમટેક્સ, આશ્રમ રોડ, પાલડી, વાસણા,



ચંદ્રનગર થઈ અને વાયુદેવતાના મંદિરે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ પહોંચશે જ્યાં વિશ્રામ અને ભોજન બાદ બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ વાસણાથી પાલડી ધરણીધર વિજય ચાર રસ્તા ઉસ્માનપુરા ઈક્રમટેક્સ થઈ અને શાહીબાગ નિજમંદિર પરત ફરશે. આ હનુમાન યાત્રામાં સૌથી આગળ એક પાઈલોટ જીપ હશે જેની પાછળ આશરે ૨૦૦ બાઈકર્સ રહેશે. ત્યારબાદ હનુમાન ચાલીસાના પાઠ કરતી મંડળી, હનુમાનજીનો રથ, તેમની ગદાવહન કરતુ વાહન, પ્રસાદ ભરેલું વાહન, સુન્દરકાંડ પાઠ કરતી તથા ભજનો ગાતી મંડળીઓના વાહનો, રેડક્રોસ સંસ્થાનું, રક્તદાનનો મહિમા સમજાવતું વાહન તથા છેલ્લે આ યાત્રાને કારણે પડેલો કચરો ઉપાડતી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વાહન હશે.

તમને જણાવી દઈએ કે ૧૨ એપ્રિલના રોજ હનુમાન જયંતીના દિવસે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી મંદિર ખુલ્લુ રહેશે. સવારે ૭:૦૦ વાગ્યાથી ૯:૦૦ વાગ્યા સુધી સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦:૦૦ વાગ્યા થી હનુમાન જીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે જેમાં ૧૫૧ કિલો બુંદીના લાડુનો જે બ્રહ્માંડ સ્વરૂપે હોય તેનો ભોગ ધરાશે જયારે ૧૨૧ કિલોની દૂધની માવાની કેક ભગવાનને ધરાવવામાં આવશે. જેને બાદમાં લોકોમાં પ્રસાદ સ્વરૂપે વહેચવામાં આવશે. ભગવાનની ધ્વજા રોહણ કરવામાં આવશે ત્યાર બાદ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી મંદિરમાં ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૧૫,૦૦૦થી વધારે લોકો પ્રસાદ લઈ શકે તે રીતની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હનુમાન મંદિર કેમ્પ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૩ વર્ષોથી હનુમાન જન્મોત્સવ નીમિત્તે હનુમાન યાત્રા યોજવામાં આવે છે. જોકે ચાલુ વર્ષે પર્યાવરણને ધ્યાનમાં રાખીને આયોજનમાં કેટલાક સુધારા કર્યા છે. મોટી શોભાયાત્રા અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને વાહનવ્યવહારને અડચણરૂપ મોટી ટ્રકોમાં બનાવાતા "ટેબ્લોસ" આ વખતે રાખવામાં આવ્યા નથી. ધ્વનિ પ્રદૂષણ ન થાય તેના માટે મોટા મોટા લાઉડસ્પીકરોવાળા "ડીજે" પણ રાખ્યા નથી. રસ્તા પર પ્રસાદ લેવા માટે ભીડ ન થાય તેના માટે છેલ્લે વિતરણની એક અલગથી ટ્રક રાખવામાં આવી છે. યાત્રા નીકળે છે ત્યારે તેના પર પુષ્પો વર્ષા કરવામાં આવતી હોય છે ત્યારે ભગવાનને અર્પણ કરેલા પુષ્પ પગ નીચે કચડાય છે અને રસ્તો ખરાબ થાય છે જેના કારણે આ વર્ષે પુષ્પ વર્ષા કરવામાં નહીં આવે. પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા અને લાખો રૂપિયા બેનરો પાછળ ખર્ચવા માં ન આવે તેના માટે ક્યાંય પણ બેનર ન લગાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે

**નવા વાડજના જાણીતા એન્ડ્રોક્રોનોલોજીસ્ટ ડો.રવિ શાહ પાસેથી**

## જાણો મેદસ્વિતાના કારણો અને સારવાર વિશે-પૂરતી ઉંઘનો અભાવ



તાજેતરમાં ગુજરાત આવેલા આપણા માનનીય વડાપ્રધાનએ લોકોને એક સલાહ આપી છે "મેદસ્વિતા ઘટાડો"... તેલનો વપરાશ ૧૦ ટકા ઘટાડો. આ વાત સામાન્ય નથી. લોકોમાં વધતી મેદસ્વિતા આરોગ્ય માટે હવે ગંભીર ખતરો છે. રાષ્ટ્રના વડાને આ ચેતવણી આપવી પડે છે. કારણ લોકો જાણે છે બધું પુરતું, આરોગ્યની કાળજી રાખવી નથી. એક અભ્યાસ એવું કહે છે કે, ૨૦૫૦ સુધીમાં ભારતમાં દર ત્રીજો વ્યક્તિ મેદસ્વિતાનો શિકાર બન્યો હશે. આ ચેતવણી આપવા માટે દર ચોથી માર્ચે "World Obesity Day" મનાવવામાં આવે છે. આ બિમારીનું જેટલું જોખમ વયસ્કોને છે તેટલું જ જોખમ બાળકોને પણ છે.

ચોથી માર્ચ ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રીએ સ્વસ્થ ગુજરાત અને મેદસ્વિતા મુકત ગુજરાત બનાવવા ઈચ્છા વ્યકત કરી હતી. સ્થૂળતા એટલે કે મેદસ્વિતા અંગે ચિંતા વ્યકત કરી હતી. જો આ માટે કાળજી રાખવામાં નહીં આવે તો મેદસ્વિતાવાળા લોકો વધશે અને અનેક રોગોનો ભોગ બનતા રહેશે. આ વાતની રાજય અને રાષ્ટ્રના વડાએ ચિંતા વ્યકત કરી છે. કારણ રાષ્ટ્રની સુખાકારીનો એક આધાર લોકોનું સારું આરોગ્ય છે અને એક ચેતવણીના રૂપમાં લઈને દરેક વ્યક્તિ આરોગ્યની કાળજી રાખે તેવી વિનંતી પણ છે. આશા રાખીએ કે, મેદસ્વિતામુકત ગુજરાત અભિયાન સફળ રહે..

### શારીરિક,માનસિક અને જાતીય સ્વાસ્થ્ય પર પણ અસર

મેદસ્વિતા આપણા શરીરને રોગનું ઘર તો બનાવે જ છે. તેની સાથે સાથે તે આપણા માનસિક સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર કરે છે. મેદસ્વિતા કોમોરબિડ બિમારીઓ સિવાય તમામ પ્રકારની બિમારીઓમાં જોખમ ઉભું કરે છે. જેથી વ્યક્તિના સ્વસ્થ થવાની ગતિ તો ઘટે જ છે, પરંતુ તેની સાથે માનસિક સ્વાસ્થ્ય પણ જોખમાય છે. સમાજમાં મેદસ્વિ વ્યક્તિઓ અન્ય લોકોની મજાકનો શિકાર બનતા તે માનસિક તણાવનો ભોગ બને છે.

મેદસ્વિતા વ્યક્તિના જાતીય જીવનને પણ પ્રભાવિત કરે છે. તેને લીધે શરીર અશક્ત થાય છે જેથી શારીરિક સંબંધોમાં રસ અને તે માટેની ક્ષમતા ઓછી થઈ જાય છે. મેદસ્વિતાનો ભોગ બનેલ વ્યક્તિ તેની શારીરિક સંરચનાને લીધે હીનભાવનાથી પણ પીડાય છે.

### મેદસ્વિતાના કારણો



સ્વસ્થ જીવનશૈલીનો અભાવ
આનુવાંશિકતા
ખાવા-પીવામાં સમયપાલનનો અભાવ
અસ્વસ્થ આદતો
આળસુ જીવનશૈલી
પૂરતી ઉંઘનો અભાવ
ભાવનાત્મક તણાવ
દવાઓ
સ્વાસ્થ્યને લગતી અન્ય સમસ્યાઓ હોવી
ગર્ભાવસ્થા

### મેદસ્વિતાથી કેવીરીતે બચી શકાય?

ફક્ત મેદસ્વિતા જ નહિ પરંતુ કોઈપણ પ્રકારની બિમારીઓથી બચવા માટે એ જરૂરી છે કે આપણી ખાનપાનની આદતો સ્વસ્થ હોય. આથી સમય પર ભોજન કરવું જોઈએ અને પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ. એકસાથે વધુ પણ ન ખાઈ લેવું કારણકે એવી કહેવત છે કે સ્વસ્થ શરીર માટે પેટ ભરીને ખાઓ, મન ભરીને નહિ. સ્વાદના સક્કરમાં સ્વાસ્થ્યની અવગણના ભારે પડી શકે છે.

### નિયમિત વ્યાયામ જરૂરી

યોગ, એરોબિક્સ, કોઈપણ એવી રમત જેમાં ભાગવું કે દોડવું પડે તેમ હોય, જીમ, વ્યાયામનો કોઈપણ પ્રકારનો રોજિંદી દિનચર્યામાં સમાવેશ થવો જોઈએ. વ્યાયામ ફક્ત મન માટે જ નહિં, તન માટે પણ એટલું જ જરૂરી છે. દિવસમાં ઓછામાં ઓછું ૩૦ થી ૪૫ મિનિટ સુધી વ્યાયામ કરવો જોઈએ.

### ગતિવાન દિનચર્યા

છેલ્લા કેટલાક મહિનાઓમાં કોરોનાને કારણે વર્ક ફ્રોમ હોમ અને ઓનલાઈન શાળા અને ટ્યુશનના કલ્ચરે જીવનશૈલી પર સૌથી વધુ અમારી અસર કરી છે. આ નવી ગોઠવણોને કારણે બાળકો તેમજ વયસ્કોનો મોટાભાગનો સમય કોમ્પ્યુટર સામે બેસીને નીકળતો હતો જેના પરિણામે આપણી જીવનશૈલી ખૂબ જ નિષ્ક્રીય બની ગઈ. આથી, આ સમયગાળા દરમિયાન, બાળકો અને પુખ્ત વયના લોકોમાં મોટા પ્રમાણમાં મેદસ્વીપણા અને તેને લગતી સમસ્યાઓ જોવા મળી. આવી પરિસ્થિતિને ટાળવા માટે જરૂરી છે કે આપણું શરીર પ્રગતિમય રહે. ઓનલાઈન કામગીરી કરતા લોકો પણ વચ્ચે બ્રેક લેતા રહી ચાલવાની પ્રવૃત્તિઓ કરી શકે.

### તાણમુક્ત રહો અને સારી નિંદ્રા મેળવો

અતિશય તણાવ અને હતાશા પણ સ્થૂળતાની સમસ્યામાં વધારો કરે છે. આથી ધ્યાન કરો, સારી નિંદ્રા લો અને તમારા મગજને હળવા રાખવાનો પ્રયાસ કરો. જો તમે કોઈ પ્રકારના ભાવનાત્મક સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા હોવ, તો પણ તાણનો ભોગ બન્યા વિના બહારનું અથવા બિન આરોગ્યપ્રદ આહારની ટેવને ટાળો, માત્ર તાણથી નહીં, કોઈપણ પ્રકારની શારીરિક અને માનસિક સમસ્યાથી બચવું મહત્વપૂર્ણ છે. પુષ્કળ ઉંઘ મેળવો. સારી ઉંઘ વડે આપણી તમામ સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ શકે છે.

Digital India Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## અમદાવાદમાં કોંગ્રેસનું ૬૪ વર્ષ બાદ ૮૪મું રાષ્ટ્રીય અધિવેશન

# ગુજરાતમાં કોંગ્રેસ વાઈબ્રન્ટ થવાની આશા સાથે કાર્યકરોમાં ઉત્સાહ



અમદાવાદ: અમદાવાદમાં ૮ એપ્રિલથી ૯ એપ્રિલ એમ બે દિવસ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહ્યું છે. જેમાં પ્રથમ દિવસે શાહીબાગ વિસ્તારમાં આવેલ સરદાર સ્મારક ખાતે કોંગ્રેસની ઝઉઝની આજની બેઠક ૪ કલાક ચાલી હતી. બેઠક બાદ તમામ CWC સભ્યોને PATEL A LIFE બુક આપવામાં આવી હતી. બાદમાં સરદાર સ્મારક બહાર નેતાઓનું ફોટો સેશન થયું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સો વર્ષ પહેલા સ્વતંત્ર લડત માટે કોંગ્રેસની વિચારધારાને વરી કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા. આ સાથે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ ૨૦૨૫ છે. વર્ષ ૧૯૬૧ પછી એટલે કે ૬૪ વર્ષ બાદ ગુજરાતમાં AICCનું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ મંગળવારે (૮ એપ્રિલ) ભાજપ અને સંઘ પર પ્રહાર કર્યા હતાં. ખડગેએ આરોપ લગાવ્યો કે, છેલ્લાં અનેક વર્ષોથી રાષ્ટ્રીય નાયકો વિરૂદ્ધ સુનિયોજિત કાવતરૂ ઘડવામાં આવી રહ્યું છે. તેમણે અમદાવાદમાં પાર્ટીની વિસ્તૃત કાર્ય સમિતિની બેઠકમાં કહ્યું કે, સરદાર પટેલ આ.ર.એસ.એસ.ની વિરાધારાની વિરૂદ્ધ હતાં અને આ હાસ્યાસ્પદ છે કે, આજે તેમના સંગઠનના લોકો સરદાર પટેલની વિરાસત પર દાવો કરે છે. આ સાથે જ ખડગેએ ગાંધી અને સરદારની ભૂમિ પરથી પ્રેરણા લેવાની પણ વાત કહી હતી.

અગાઉ CWCની બેઠકના પ્રારંભે રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ જણાવ્યું કે, કોંગ્રેસ ૧૪૦ વર્ષના ઈતિહાસમાં જે પ્રાંતોમાંથી સૌથી વધુ શક્તિ મળી તેમાં ગુજરાત અવ્વલ છે. આજે અમે ફરી અહીંથી પ્રેરણા અને શક્તિ લેવા આવ્યા છીએ. અમારી અસલી શક્તિ દેશની એકતા-અખંડિતતા તથા સામાજિક ન્યાયની વિચારધારા છે. ખડગેએ એવો પણ દાવો કર્યો કે, આજે સાંપ્રદાયિક વિભાજન દ્વારા દેશના મૂળભૂત મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવામાં આવી રહ્યું છે અને સામંતશાહી એકાધિકાર સંસાધનો કબજે કરીને શાસનને નિયંત્રિત કરવાના માર્ગે છે.

કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈએ જણાવ્યું કે, ગુજરાતમાં ૨૦૨૭ ની ચૂંટણી અમારે જીતવાની છે અને અમે ગુજરાત મુદ્દે ખૂબ જ ગંભીર છીએ. તેમણે કહ્યું કે, અમારા માટે આ ક્ષણ ઐતિહાસિક છે. ત્યારે અમે બે મહાન હસ્તી 'મહાત્મા ગાંધી' અને 'સરદાર પટેલ' ને યાદ કરીએ છીએ. અમારી દેશભક્તિમાં, રાષ્ટ્રવાદમાં એકતા અને સદભાવનાની જવાબદારી છે. સંવિધાનનું સંરક્ષણ કરવું એ પરમ કર્તવ્ય છે. તેમણે કહ્યું કે, ગુજરાતનાં લોકો પ્રત્યે શ્રદ્ધા છે. સમગ્ર રાષ્ટ્રીય કોંગ્રેસ ગુજરાત કોંગ્રેસ સાથે છે. CWCની બેઠક બાદ સચિન પાઈલોટે જણાવ્યું હતું કે, અમે ઉદયપુર ડેક્લેરેશન-૨૦૨૨ લાગુ કર્યુ છે. અમે લોકો સુધી જઈશું. દેશમાં જનચેતના ફેલાવીશું. અધિવેશનના માધ્યમથી કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ઊર્જાનું સંચાર કરીશું.

## ગુજરાતમાં બનશે કોંગ્રેસની સરકાર : ભાજપ હવે થોડા દિવસની જ મહેમાન, મોટો દાવો



અમદાવાદ : ગુજરાતમાં અમદાવાદની ધરતી પર ૧૦૩ વર્ષ બાદ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહ્યું છે. જેને લઈને મોટા પાયે તૈયારીઓનો ધમધમટ જોવા મળી રહ્યો છે. ત્યારે અધિવેશન માટે આવી પહોંચેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાએ ગુજરાત માટે મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં ઘણું બદલાવાનું છે અને તેમાં ગુજરાતની ભૂપેન્દ્ર સરકાર પણ સામેલ છે.

પવન ખેરાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે ભવિષ્યમાં ઘણું બદલાશે, જેમાં ગુજરાતમાં સરકાર પણ સામેલ છે. તેમણે કહ્યું કે આવનારા સમયમાં ઘણી વસ્તુઓ બદલાશે, હવામાન બદલાશે, વાતાવરણ બદલાશે અને સરકાર પણ બદલાશે. તમને જણાવી દઈએ કે ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપનું શાસન છે અને કોંગ્રેસ આ વખતે કોઈ તક ગુમાવવા માંગતી નથી.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરા આગળ કહ્યું કે, કોંગ્રેસ પરિવારની બેઠક અંગે ભાજપ કેમ હસ્તક્ષેપ કરે છે. ભાજપ હવે થોડા દિવસની મહેમાન છે. આ અધિવેશનની અસર સમગ્ર દેશના થશે. ૨૦૨૭ની ચૂંટણીમાં આની અસર થશે. કોંગ્રેસના હ્રદય માં ગુજરાત છે. કોંગ્રેસના ડીએનએ સાથે ગુજરાતનું ડીએનએ મેચ કરે છે.

## કોંગ્રેસની CWC માં પ્રિયંકા ગાંધીને મોટી જવાબદારી સોંપવા અંગે મંથન

અમદાવાદ : ગુજરાતની ધરતી પર કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન એ માત્ર કોઈ સંયોગ નથી પરંતુ આયોજનબદ્ધ રીતે તૈયાર કરવામાં આવેલો પ્રયોગ છે. ગુજરાતની ધરતી પર કોંગ્રેસ સમગ્ર દેશમાં એ સંદેશ આપવા માગે છે કે પીએમ મોદીના ગઢ ગુજરાતમાંથી જ તેમને પડકારી શકાય છે અને ભાજપને માત પણ આપી શકાય છે.

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ સત્તામાં છે ત્યારે કોંગ્રેસ હવે એ પ્રયાસોમાં લાગી ગઈ છે કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે સત્તા વિરોધી લહેર ઉભી કરી શકાય. આ પરિવર્તનની શરૂઆત કોંગ્રેસ ગુજરાતથી કરવા માગે છે. આ તરફ સૂત્રો દ્વારા મળતી જાણકારી મુજબ પ્રિયંકા ગાંધીને ગુજરાતની કમાન સોંપવામાં આવી શકે છે. ગુજરાતમાં પ્રિયંકાને કોઈ મોટી જવાબદારી કોંગ્રેસ સોંપી શકે છે. તેમને ઈલેક્શન કેમ્પેઈન કમિટીની ચેરપર્સન બનાવવામાં આવી શકે છે. પ્રિયંકાને આગળ કરી ભાજપને તેના જ ગઢમાં ઘેરવાની રણનીતિ કોંગ્રેસ બનાવી રહી છે.

એક સમયે ગુજરાત કોંગ્રેસનો ગઢ રહ્યુ હતુ. પરંતુ છેલ્લા ૨૭ થી વધુ વર્ષથી ગુજરાતમાં ભાજપનું એકચક્રી શાસન છે. હવે ફરી એકવાર કોંગ્રેસ ગુજરાતમાં તેના અસ્તિત્વની લડાઈ લડી રહી છે. હવે કોંગ્રેસના ગુજરાતમાં તેણે ગુમાવેલો જનાધાર પરત મેળવવા કોંગ્રેસના દિગ્ગજોએ કમર કસી છે.અમદાવાદમાં આજે કોંગ્રેસનું અધિવેશન કોંગ્રેસ વર્કિંગ કમિટીની મેરેથોન બેઠક સાથે શરૂ થયુ .જે બાદ ૯ એપ્રિલે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રતિનિધિઓની બેઠકમાં આગળની રણનીતિ પર મંથન કરવામાં આવશે. આજની બેઠક પહેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે, સાથે રાહુલ અને સોનિયા ગાંધીએ સરદાર પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી નમન કર્યુ હતુ.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

